ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ:-01 તા.12-09-2021

## ગુજરાતના નવા મુખ્યમંત્રીશ્રી તરીકે ઘાટલોડીયા વિધાનસભાના ધારાસભ્યશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની વરણી

---

**પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ તેમના અનુગામી મુખ્યમંત્રી તરીકે ઘાટલોડીયા વિધાનસભાના ધારાસભ્યશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો. ભાજપાના ધારાસભ્યો પૈકી શ્રી નીતિનભાઇ પટેલ, શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શ્રી ગણપતભાઇ વસાવા, શ્રી કુવરજીભાઇ બાવળીયા, શ્રી વાસણભાઈ આહીર, શ્રીમતી વિભાવરીબેન દવે, શ્રી આત્મારામભાઇ પરમાર, શ્રી પુર્ણેશભાઈ મોદી, શ્રી અર્જુનસિંહ ચૌહાણે પ્રસ્તાવ પર સમર્થન આપ્યું હતું.**

---

**ગુજરાત રાજ્યના તમામ વિસ્તાર તેમજ તમામ જ્ઞાતિનું પ્રતિનિધિત્વ કરતાં ધારાસભ્યશ્રીઓએ એકસુરે શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નામ પર મહોર મારી હતી.**

---

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે આજરોજ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે કેન્દ્રીય નિરીક્ષકશ્રીઓ શ્રી નરેન્દ્રસિંહ તોમર અને શ્રી પ્રહલાદ જોશીની આગેવાનીમાં અને રાષ્ટ્રીય મહામંત્રીશ્રી તરૂણ ચૂઘજી તેમજ પ્રદેશ પ્રભારીશ્રી ભુપેન્દ્ર યાદવજીની ઉપસ્થિતિમાં તેમજ પ્રદેશ પ્રમુખશ્રી સી.આર.પાટીલ સાહેબની અધ્યક્ષતામાં ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ ધારાસભ્ય દળની એક અગત્યની બેઠક યોજાઇ હતી.

પુર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીજીએ ગુજરાતના આગામી મુખ્યમંત્રીશ્રી માટે શ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નામનો પ્રસ્તાવ વિધાયક દળની બેઠકમાં મુકયો હતો. અને પક્ષના ધારાસભ્યોએ પૈકી પાટીદાર સમુદાયના અગ્રણી તેમજ ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, રાજપૂત સમુદાયના અગ્રણી તેમજ ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, આદિવાસી સમાજના અગ્રણીશ્રી ગણપતભાઇ વસાવા, કોળી સમાજના અગ્રણી તેમજ સૌરાષ્ટ્રના લોકપ્રિય આગેવાનશ્રી કુવરજીભાઇ બાવળીયા, આહીર સમાજના અગ્રણી તેમજ ટ્રાન્સપોર્ટ એસોશીએશનના અધ્યક્ષશ્રી વાસણભાઈ આહીર, બ્રહ્મ સમાજના અગ્રણી તેમજ મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે, અનુ.જાતિના અગ્રણી તેમજ પૂર્વ કેબિનેટ મંત્રીશ્રી આત્મારામભાઇ પરમાર, બક્ષિપંચ સમાજના અગ્રણી તેમજ સુરત શહેર ભાજપના પૂર્વ અધ્યક્ષશ્રી પુર્ણેશભાઈ મોદી, ક્ષત્રિય સમાજના અગ્રણીશ્રી અર્જુનસિંહ ચૌહાણે પ્રસ્તાવ પર સમર્થન આપ્યું હતું. આમ, રાજ્યના તમામ વિસ્તારો અને તમામ જ્ઞાતિના પ્રતિનિધિ ધારાસભ્યશ્રીઓએ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને સમર્થન આપ્યું હતું. તે પછી સમગ્ર વિધાયક દળની બેઠકે એક સુરમાં શ્રી ભુપેન્દ્રભાઇ પટેલને આગામી મુખ્યમંત્રીશ્રી તરીકે પોતાનું સમર્થન જાહેર કર્યું હતું. આમ લોકશાહીની પ્રક્રિયાના ભાગ રૂપે કેન્દ્રીય નિરીક્ષકોની દેખરેખમાં સમગ્ર પ્રક્રિયા પરિપુર્ણ કરવામાં આવી હતી.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)